Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની તાકીદની સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૨૮–૦૮–૨૦૨૦**

સિન્ડિકેટની તાકીદની સભા શુક્રવાર, તા.૨૮–૦૮–૨૦૨૦ના રોજ બપોરેઃ ૩–૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં.૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૨૮–૦૮–૨૦૨૦ |
|---|---|---|
| ૧. | ડૉ. હેમાલી અરૂણભાઈ દેસાઈ ( માનનીય ઈન્ચાર્જ કુલપતિશ્રી) | હાજર |
| ૨. | VACANT (માનનીય ઉપકુલપતિશ્રી) | ----- |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ.વિપિનકુમાર દયાળજી નાયક | હાજર |
| ૭. | આ.ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ | હાજર |
| ૮. | ડૉ.મહિડા મહેન્દ્રસિંહ ભરતસિંહ | હાજર |
| ૯. | ડૉ.રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૧૦. | શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૧. | ડૉ. ખરચિયા કશ્યપસિંહ પ્રવિણસિંહ | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી જયરામ ગામિત | હાજર |
| ૧૪. | શ્રી કિરણભાઈ ઘોઘારી (એડવોકેટ) | હાજર |

૧. પરીક્ષા FACT કમિટીની તા.૦૬/૦૬/૨૦૨૦ ની સભાની કાર્યવાહી નોંધ / ભલામણો પર વિચારણા કરવા બાબત....

(નોંધ :– પરીક્ષા FACT કમિટીની ઉપરોકત સભાની નોંધ / ભલામણો આ સાથે સામેલ છે.)

(પરીક્ષા )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા FACT કમિટીની તા.૦૬/૦૬/૨૦૨૦ની સભાની કાર્યવાહી નોંધ / ભલામણો પરિશિષ્ટ : " ક "માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો. વધુમાં, બાબત ક્રમાંક ૬ માં તપાસ સમિતિને સત્વરે અહેવાલ રજૂ કરવા જણાવવું અને તે વિદ્યાર્થીનું પરિણામ અનામત રાખવું.**

**(પરિશિષ્ટ : " ક")**

૨. પરીક્ષા FACT કમિટીની તા.૦૭/૦૭/૨૦૨૦ અને તા.૦૮/૦૭/૨૦૨૦ની સભાની કાર્યવાહી નોંધ/ ભલામણો પર વિચારણા કરવા બાબત...

(નોંધ :– પરીક્ષા **FACT** કમિટીની ઉપરોકત સભાની નોંધ/ ભલામણો આ સાથે સામેલ છે.)

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા FACT કમિટીની તા.૦૭/૦૭/૨૦૨૦ અને તા.૦૮/૦૭/૨૦૨૦ની સભાની કાર્યવાહી નોંધ / ભલામણો પરિશિષ્ટ : " ખ "માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો.**
**તા.૦૮/૦૭/૨૦૨૦ની સભાની બાબત ક્રમાંક : ૫ બહુમતીથી પસાર કરવામાં આવે છે અને બાબત ક્રમાંક : ૬ માં કોં–ઓર્ડિનેટર અને કોલેજને ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તેની તાકીદ કરવી અને વિદ્યાર્થીનું પરિણામ જાહેર કરવું.**

**(પરિશિષ્ટ : " ખ ")**

૩. બી.કોમ. સેમેસ્ટર – ૨ તથા ૪ ના (ઓનલાઈન) પરીક્ષાના ફોર્મ ભરવાનું રહી ગયેલ હોવાથી તેમને બેઠક નંબર ફાળવવામાં આવેલ નહી જયારે જુન–૨૦૨૦ (**Merit Based Progression)** બી.કોમ. સેમેસ્ટર – ૨ તથા ૪ ના (ઓનલાઈન) રીઝલ્ટ જાહેર થઈ ગયા પછી ગણી કોલેજોને <u>ખબર પડેલ કે અમુક વિદ્યાર્થીઓના પરીક્ષાના ફોર્મ ભરવાના રહી ગયેલ છે તો હવે પરીક્ષાના ફોર્મ ભરીને રીઝલ્ટ આપવા વિનંતી કરેલ છે તો આ અંગે વિચારણા કરવા બાબત.</u>

વધુમાં, સર.કે.પી. કોમર્સને યુનિવર્સિટી કાર્યાલયની તારીખ ૨૦–૦૭–૨૦૨૦ ની સાદર નોંધથી માંગણી ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી ત્યારબાદ નવયુગ કોમર્સ કોલેજની ભલામણ અંગે યુનિવર્સિટી કાર્યાલયની તા.૧૦–૦૮–૨૦૨૦ થી વાણિજય શાખાના ડીનશ્રીનો અભિપ્રાય મેળવવામાં આવેલ તેમાં પણ ડીનશ્રીના અભિપ્રાય મુજબ તેમની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી તેવુ જણાવેલ છે.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** બી.કોમ. સેમેસ્ટર – ૨ તથા ૪ ના (ઓનલાઈન) પરીક્ષાના ફોર્મ ભરવાનું રહી ગયેલ હોવાથી તેમને બેઠક નંબર ફાળવવામાં આવેલ નહી જયારે જુન–૨૦૨૦ ( **Merit Based Progression)** બી.કોમ. સેમેસ્ટર – ૨ તથા ૪ ના (ઓનલાઈન) રીઝલ્ટ જાહેર થઈ ગયા પછી ઘણી કોલેજોને ખબર પડેલ કે અમુક વિદ્યાર્થીઓના પરીક્ષાના ફોર્મ ભરવાના રહી ગયેલ છે તો હવે પરીક્ષાના ફોર્મ ભરીને રીઝલ્ટ જાહેર કરવાની વિનંતી સંદર્ભે કોરોના મહામારીને કારણે ઉદભવેલ અસામાન્ય પરિસ્થિતિ ધ્યાને લઈ વિદ્યાર્થીઓના હિતમાં માત્ર માર્ચ/એપ્રિલ–૨૦૨૦ના વર્ષ માટે નીચેની શરતોને આધિન વિદ્યાર્થીઓના પરીક્ષાના ફોર્મ નિયત લેટ ફી સાથે સ્વીકારવા અને (**Merit Based Progression)** પ્રમાણે પરિણામ જાહેર કરી આગળના સેમેસ્ટરમાં પ્રવેશ આપવો.

શરતો :

૧. જે તે સેમેસ્ટરની ટયુશન ફી સમયસર ભર્યાના પુરાવા રજૂ કરવાના રહેશે.

૨. વિદ્યાર્થીએ ઈન્ટરનલ પરીક્ષા આપેલ છે તે અંગેનું આચાર્યનું પ્રમાણપત્ર અને ઈન્ટરનલ પરીક્ષાના માર્કસ રજૂ કરવાના રહેશે.

૩. આગળના **(preceding)** સેમેસ્ટરના પરિણામની માર્કશીટની નકલ રજૂ કરવાની રહેશે.

વધુમાં, ઠરાવવામાં આવે છે કે, જે વિદ્યાર્થીઓએ પરીક્ષાના ફોર્મ ભરેલા છે પરંતુ તેમના (**Merit Based Progression)** મુજબના પરિણામ " **Withdrawn** " તરીકે જાહેર થયેલા છે તેમને પાસ/નાપાસ જાહેર થયેલ વિદ્યાર્થીઓની જેમ આગળના સેમેસ્ટરમાં પ્રવેશ આપવો.

૪. હાલ ચાલી રહેલ કોવિડ–૧૯ની મહામારીને ઘ્યાને લેતા યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના "એ" બ્રાન્ચમાં થતી સ્કોવોડની કામગીરી તાત્કાલિક અસરથી મોકુફ રાખીએ તથા કોલેજો / ડિપાર્ટમેન્ટના વડાશ્રીઓને પરીક્ષાના દિવસોનું CCTV રેકોર્ડિગ કરી તેની જાણ યુનિવર્સિટીને કરવાનું જણાવીએ. જે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** **હાલ ચાલી રહેલ કોવિડ–૧૯ની મહામારીને ઘ્યાને લેતા સ્કોડ/ નિરીક્ષકો એકસટનલ સુપ્રીટેન્ડન્ટની જરૂરિયાત અનુસારની નિમણુંક કરવાની સતા તથા જરૂરી આરોગ્ય સબંધીત અને અન્ય તકેદારી સાથે નિમણુંક કરવાની સતા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

૫. જૂન–૨૦૨૦ બી.એ. સેમેસ્ટર–૨નાં ૪ વિદ્યાર્થીઓનાં ઓનલાઈન પરીક્ષાનાં ફોર્મ અંગે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચોવીસીના તાઃ ૩/૦૭/૨૦૨૦ના પત્રમાં જણાવ્યા અનુસાર સદર કોલેજના ૪ વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ષ બી.એ. ની પરીક્ષા આપેલ હતી. અને દ્વિતિય સેમેસ્ટરનાં ફોર્મ ભરતી વેળાએ ૪ વિદ્યાર્થીઓના શરતચૂકથી ઓનલાઈન ફોર્મ ભરવાનાં બાકી રહી ગયા હતા. તો આ વિદ્યાર્થીઓના એક વર્ષ ન બગડે તે માટે ઘટતી કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે.

ઉપરોકત પત્રને આધારે ચકાસણી કરતા સદર વિદ્યાર્થીઓની યુનિવર્સિટી ખાતે ઓનલાઈન ફી ભરેલ નથી. પરંતુ વિદ્યાર્થીએ કોલેજમાં પરીક્ષાની ફી ભરેલ છે. (રસીદની નકલ સામેલ છે.)

તો ઉપરોકત બાબત અંગે સિન્ડિકેટમાં વિચારણા કરવા બાબત…

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઠરાવ ક્રમાંક : ૩ માં જણાવેલ વિગત અનુસાર કાર્યવાહી કરવી.**

૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં NMEICT યોજના અંતર્ગત Internet તથા LAN Connectivity અંગે ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL), સુરત સાથે ૧૦ વર્ષનો કોન્ટ્રાકટ કરવામાં આવેલ હતો. જે પૂર્ણ થવા આવેલ હોવાથી રીન્યુ કરવા અંગે ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL), સુરતના કી એકાઉન્ટ મેનેજરનો પત્રાંકઃ No./EB/VNSGU/ILL Tariff/SRT/20-21/9, dt.29/06/2020 થી યુનિવર્સિટી ખાતે 1 Gbps Internet Leased Line(1:1) સેવા શરૂ કરવા અંગેની દરખાસ્ત તેમજ તેમનો તા.૨૧/૦૮/૨૦૨૦ ના ઈ–મેલની કોપી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં NMEICT યોજના અંતર્ગત Internet તથા LAN Connectivity અંગે ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL), સુરત સાથે ૧૦ વર્ષનો કોન્ટ્રાકટ કરવામાં આવેલ હતો. જે પૂર્ણ થવા આવેલ હોવાથી રીન્યુ કરવા અંગે ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL), સુરતના કી એકાઉન્ટ મેનેજરનો પત્રાંકઃ No./EB/VNSGU/ILL Tariff/SRT/20-21/9, dt.29/06/2020 થી યુનિવર્સિટી ખાતે 1 Gbps Internet Leased Line(1:1) સેવા શરૂ કરવા અંગેની દરખાસ્ત તેમજ તેમનો તા.૨૧/૦૮/૨૦૨૦ ના ઈ–મેલ સંદર્ભે હાલ પ્રવેશ પ્રક્રિયા ચાલુ હોય તથા પરીક્ષાની કામગીરી ચાલતી હોય ત્રણ માસ માટે કોન્ટ્રાકટ એકસટેન્ડ કરવો તથા આ દરમ્યાનમાં આ સેવાઓ માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવી. ટેન્ડર તૈયાર કરવા માટેની સમિતિ રચવાની સતા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૭. યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં ૧૧ માસ કરાર આધારીત ધોરણે ફરજ બજાવતા વહીવટી/ટેક્નીકલ કર્મચારીઓનો કરાર પુર્ણ થયે તેઓની ફરી ૧૧ માસ કરાર આધારીત નિમણૂંક કરવા/કરાર કરવા અંગે યુનિવર્સિટીના તમામ વહીવટી વિભાગો/અનુસ્નાતક ભવનો તથા સ્વનિર્ભર અભ્યાસક્રમોના વડાશ્રીઓ પાસે ભલામણ મંગાવી અઠવાડીયાનો બ્રેક આપી ૧૧ માસનો કરાર કરવામાં આવે છે જે મુજબ કાર્યાલયના પત્રાંક : જન/સી/એ/ડી–૪૧૩૬/૨૦૨૦, તા.૦૪/૦૬/૨૦૨૦ થી યુનિવર્સિટી ખાતે ૧૧ માસ કરાર આધારીત ધોરણે ફરજ બજાવતા તમામ કર્મચારીના વિભાગીય વડાશ્રીઓ પાસે ભલામણ મંગાવવામાં આવેલ હતી જેના અનુસંધાને કાર્યાલયની તા.૧૦–૦૬–૨૦૨૦ ની નોંધ ૫૨ મળેલ મંજુરી મુજબ યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા તમામ ૧૧ માસ કરાર આધારીત કર્મચારીઓની નિમણૂંક નવી જાહેરાત આપી નિમણૂંક કરવા મંજુરી મળેલ છે અને કાર્યાલયનો પરિપત્રાંકઃ જન/કરાર/૪૪૫૪/૨૦૨૦, તા.૧૫–૦૬–૨૦૨૦ અનુસાર નવી નિમણૂંક ન થાય ત્યાં સુધી વિભાગીય વડાશ્રીઓ પાસે મંગાવવામાં આવેલ માહિતી મુજબના કર્મચારીઓને ૧૧ માસ કરાર આધારીત નિમણૂંકના નિયામાનુસાર વચગાળાની નિમણૂંકથી ચાલુ રાખવા મંજુરી આપવામાં આવેલ છે પરંતુ હાલ COVID-19 ની મહામારીને ધ્યાને લઈ યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં હાલ જે કર્મચારી ફરજ બજાવે છે તેઓનો ૧૧ માસનો કરાર ફરી રીન્યુ કરવા અંગે વિચારણા કરવા બાબત……

નોંધ : સિન્ડિકેટની તા.૧૯–૦૧–૨૦૧૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૯ (અ) થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

:: આથી, ઠરાવવામાં આવે છે કે, હવે પછીની દરેક એડહોક શૈક્ષણિક અને બીન શૈક્ષણિક કર્મચારીની માન્યતા/ભરતી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.

(વહીવટી)

**::** **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં ૧૧ માસ કરાર આધારીત ધોરણે ફરજ બજાવતા વહીવટી/ટેક્નીકલ કર્મચારીઓનો કરાર પુર્ણ થયે તેઓની ફરી ૧૧ માસ કરાર આધારીત નિમણૂંક કરવા/કરાર કરવા અંગે યુનિવર્સિટીના તમામ વહીવટી વિભાગો/અનુસ્નાતક ભવનો તથા સ્વનિર્ભર અભ્યાસક્રમોના વડાશ્રીઓ પાસે ભલામણ મંગાવી અઠવાડીયાનો બ્રેક આપી ૧૧ માસનો કરાર કરવામાં આવે છે જે મુજબ કાર્યાલયના પત્રાંક : જન/સી/એ/ડી–૪૧૩૬/૨૦૨૦, તા.૦૪/૦૬/૨૦૨૦ થી યુનિવર્સિટી ખાતે ૧૧ માસ કરાર આધારીત ધોરણે ફરજ બજાવતા તમામ કર્મચારીના વિભાગીય વડાશ્રીઓ પાસે ભલામણ મંગાવવામાં આવેલ હતી જેના અનુસંધાને કાર્યાલયની તા.૧૦–૦૬–૨૦૨૦ ની નોંધ ૫૨ મળેલ મંજુરી મુજબ યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા તમામ ૧૧ માસ કરાર આધારીત કર્મચારીઓની નિમણૂંક નવી જાહેરાત આપી નિમણૂંક કરવા મંજુરી મળેલ છે અને કાર્યાલયનો પરિપત્રાંકઃ જન/કરાર/૪૪૫૪/૨૦૨૦, તા.૧૫–૦૬–૨૦૨૦ અનુસાર નવી નિમણૂંક ન થાય ત્યાં સુધી વિભાગીય વડાશ્રીઓ પાસે મંગાવવામાં આવેલ માહિતી મુજબના કર્મચારીઓને ૧૧ માસ કરાર આધારીત નિમણૂંકના નિયામાનુસાર વચગાળાની નિમણૂંકથી ચાલુ રાખવા મંજુરી આપવામાં આવેલ છે પરંતુ હાલ COVID-19 ની મહામારીને ધ્યાને લઈ યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં હાલ જે કર્મચારી ફરજ બજાવે છે તેઓ તેમના છેલ્લા બ્રેક પછી જે તારીખે હાજર થયા/થાય તે તારીખથી ૧૧ મહિના સુધી કરાર રીન્યુ કરવામાં આવે છે.**

૮. અગ્રવાલ એજયુકેશન ફાઉન્ડેશન, મહારાજા અગ્રસેન ભવન, સીટીલાઈટ રોડ, સુરત.–૩૯૫૦૦૭. સંચાલિત મહારાજા અગ્રસેન કોલેજ (અંગ્રેજી માધ્યમ) બ્લોક નંબર ૪૬૭/૪૬૯, ગામ–નરથાન, દાંડી રોડ, સુરત.માં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ. (એક ડિવિઝન), બી.બી.એ.(એક ડિવિઝન) અને બી.સી.એ. (એક ડિવિઝનનું નવું જોડાણ મેળવવા માટે જોડાણ અરજી કરેલ હોઈ, સદર ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટે તેમના તા.૨૮–૫–૨૦૨૦ના પત્રથી કોરોના વાયરસની મહામારી આખી દુનિયામાં ચાલે છે. આ પરિસ્થિતને ધ્યાને લઈ ભારતના વડાપ્રધાને સમગ્ર દેશમાં લોકડાઉનનો આદેશ આપ્યો. આપણે બધા આ અણધારી પરિસ્થિતિનો સામનો કરી રહયા છીએ. આ પરિસ્થિતિને કારણે અમે અમારી સુચિત કોલેજ શરૂ કરવા માટે અસમર્થ છીએ. કોમ્પ્યુટર લેબ. અને લાઈબ્રેરીમાં સુથારના કેટલાક કામ, સી.સી.ટી.વી., ઈન્સ્ટોલેશન, કલર કામ વગેરે બાકી છે. કારણકે લોકડાઉનને કારણે મજૂરો ઉપલબ્ધ નથી. લોકડાઉનને કારણે વ્યવસાય અને ઉદ્યોગો ઉપર રાખવામાં આવે છે. જેથી અમે અમારા ટ્રસ્ટીઓ પાસેથી નાણાકીય અપેક્ષા રાખતા નથી. કોરોના મહામારીને (COVID-19) કારણે અમારી કોલેજની નજીક રહેતા મોટાભાગના વિદ્યાર્થીઓ તેમના વતનમાં સ્થળાંતર થયેલ છે. તેથી શૈક્ષણિક વર્ષ ૨૦–૨૧ માં અમારી સુચિત કોલેજમાં પ્રવેશ મળવા ખૂબ મુશ્કેલ છે. કોરોના વાયરસની આ મહામારી લાંબી ચાલશે તેમ જણાવી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે કરેલ જોડાણઅરજી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે ગ્રાહય રાખવા માટે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

**નોંધ** :(૧)યુનિવર્સિટી કાર્યાલયના (૧)તા.૧૦–૨–૨૦૨૦ના પત્ર ક્રમાંકઃ એસ.એ.(અગ્રવાલ)(નરથાણ)(બીકોમ)(NEED)/૧૮૪૧,(૨) તા.૧૦–૨–૨૦૨૦ના પત્રક્રમાંકઃએસ.એ.(અગ્રવાલ)(નરથાણ)(બીકોમ)(NEED)/૧૮૪૨(૩))તા.૧૦–૨–૨૨૦ના પત્ર ક્રમાંકઃ એસ.એ. (અગ્રવાલ) (નરથાણ) (બીસીએ)(NEED)/૧૮૪૯ થી NEED કમિટિની જાણ કોલેજને કરવામાં આવેલ. ત્યાર બાદ સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ. માટે સદર કોલેજને NEED કમિટિ સમક્ષ તા.૧૨–૩–૨૦૨૦ના રોજ બપોરે ૨:૦૦ કલાકે રૂમ નંબર ૨૦૫ માં હાજર રહેલ હોઈ, કમિટિની ભલામણ મુજબ ટ્રસ્ટ પાસે અંદાજે ૬ એકર જમીન છે તથા ટ્રસ્ટે કોલેજ બિલ્ડીંગ પણ તૈયાર કરેલ છે. પરંતુ કેટલીક બાબતો અંગે સ્પષ્ટતા જરૂરી હોય સંસ્થાને પુનઃ ઉપસ્થિત રહેવા જણાવવું એમ ભલામણ કરેલ હોઈ, સદર કોલેજે તેમના તા.૧૯–૩ –૨૦૨૦ના પત્ર ક્રમાંકઃ 04/03-19-20 થી આજુબાજુ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની માહિતી મોકલેલ છે.
(૨) ઉપરોકત પત્રની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અગ્રવાલ એજયુકેશન ફાઉન્ડેશન, મહારાજા અગ્રસેન ભવન, સીટીલાઈટ રોડ, સુરત.–૩૯૫૦૦૭. સંચાલિત મહારાજા અગ્રસેન કોલેજ (અંગ્રેજી માધ્યમ) બ્લોક નંબર ૪૬૭/૪૬૯, ગામ–નરથાન, દાંડી રોડ, સુરત.માં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ. (એક ડિવિઝન), બી.બી.એ.(એક ડિવિઝન) અને બી.સી.એ. (એક ડિવિઝનનું નવું જોડાણ મેળવવા માટે જોડાણ અરજી કરેલ હોઈ, સદર ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટે તેમના તા.૨૮–૫–૨૦૨૦ના પત્રથી કોરોના વાયરસની મહામારી આખી દુનિયામાં ચાલે છે. આ પરિસ્થિતને ધ્યાને લઈ ભારતના વડાપ્રધાને સમગ્ર દેશમાં લોકડાઉનનો આદેશ આપ્યો. આપણે બધા આ અણધારી પરિસ્થિતિનો સામનો કરી રહયા છીએ. આ પરિસ્થિતિને કારણે અમે અમારી સુચિત કોલેજ શરૂ કરવા માટે અસમર્થ છીએ. કોમ્પ્યુટર લેબ. અને લાઈબ્રેરીમાં સુથારના કેટલાક કામ, સી.સી.ટી.વી., ઈન્સ્ટોલેશન, કલર કામ વગેરે બાકી છે. કારણકે લોકડાઉનને કારણે મજૂરો ઉપલબ્ધ નથી. લોકડાઉનને કારણે વ્યવસાય અને ઉદ્યોગો ઉપર રાખવામાં આવે છે. જેથી અમે અમારા ટ્રસ્ટીઓ પાસેથી નાણાકીય અપેક્ષા રાખતા નથી. કોરોના મહામારીને (COVID-19) કારણે અમારી કોલેજની નજીક રહેતા મોટાભાગના વિદ્યાર્થીઓ તેમના વતનમાં સ્થળાંતર થયેલ છે. તેથી શૈક્ષણિક વર્ષ ૨૦–૨૧ માં અમારી સુચિત કોલેજમાં પ્રવેશ મળવા ખૂબ મુશ્કેલ છે. કોરોના વાયરસની આ મહામારી લાંબી ચાલશે તેમ જણાવી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે કરેલ જોડાણઅરજી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે કરેલ વિનંતી ગ્રાહય રાખી સંસ્થાની શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ના નવા જોડાણ માટેની અરજી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ના નવા જોડાણ માટેની અરજી ગણી લેવી.**
**વધુમાં, ઠરાવવામાં આવે છે કે, વર્ષ ૨૦૨૦–૨૧ માટે નવા જોડાણ માટે આવેલી અરજીઓ પૈકી જે સંસ્થા વર્ષ ૨૦૨૧–૨૨ માટે નવું જોડાણ લેવા માગતી હોય તે સંસ્થાની આ અરજી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ના નવા જોડાણ માટેની અરજી ગણી લેવી.**

૯. **શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન શ્રી દક્ષિણ ગુજરાત શિક્ષણ સમાજ, કુંભારીયા સંચાલિત અંબાબા કોમર્સ કોલેજ, મણીબા ઈન્સ્ટીટયુટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, સાબરગામ, સુરતની M.Com.-(English Medium) (Financial & Management Accountancy)** અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણની અરજી સંદર્ભમાં માન.કુલપતિશ્રી નિયુકત **NEED** સમિતિની તા.૧૨–૦૩–૨૦૨૦ની સભાએ નીચે મુજબની ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત....

**NEED સમિતિની તા.૧૨–૦૩–૨૦૨૦ની ભલામણ**

**શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ ના એમ. કોમ અભ્યાસક્રમના પ્રવેશ અંગેની વિગતને ધ્યાનમાં લેતા તે વર્ષ દરમ્યાન એમ.કોમ (અંગ્રેજી માધ્યમ) ના અભ્યાસક્રમમાં ઘણી બધી જગ્યાઓ ખાલી રહેલ હતી આ સંજોગોને ધ્યાને લેતા સમિતિ ઉપરોકત અભ્યાસક્રમ માટે ભલામણ કરતી નથી.**

(અનુસ્નાતક)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, ઠરાવ નં. ૦૮ પ્રમાણે કાર્યવાહી કરવી.**

૧૦. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન **અખંડ આનંદ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરતની M.Com.-(Gujarati Medium) (Financial & Management Accountancy)** અનુસ્નાતક અભ્યાસક્રમના નવા અનુસ્નાતક કેન્દ્રની માન્યતા આપવાની અરજી સંદર્ભમાં માન.કુલપતિશ્રી નિયુકત **NEED** સમિતિની તા.૧૨–૦૩–૨૦૨૦ની સભાએ નીચે મુજબની ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત....

**NEED સમિતિની તા.૧૨–૦૩–૨૦૨૦ની ભલામણ**

**સિન્ડિકેટના તા.૧૯–૦૬–૨૦૧૯, ઠરાવ ક્રમાંક ૬૧ ના પેરા નં.૭ અનુસાર સદર સંસ્થા જરૂરી જમીન ધરાવતી ન હોય સમિતિ ઉપરોકત અભ્યાસક્રમ માટે ભલામણ કરતી નથી.**

(અનુસ્નાતક)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, ઠરાવ નં. ૦૮ પ્રમાણે કાર્યવાહી કરવી.**

૧૧. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન **સી.ડી. પચ્ચીગર પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડિસીન, સુરતની M.D. (Homoeopathy)** અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણની અરજી સંદર્ભમાં માન.કુલપતિશ્રી નિયુકત **NEED** સમિતિની તા.૨૦–૦૩–૨૦૨૦ની સભાએ નીચે મુજબની ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત......

**NEED સમિતિની તા.૨૦–૦૩–૨૦૨૦ની ભલામણ**

**સર્વાનુમત્તે NEED Committee ના સભ્યો દ્વારા નિચેના મુદ્દે ચર્ચા અનુસંધાને સર્વાનુમતે ભલામણ કરવામાં આવે છે કે : – ભલામણ કરવામાં આવે છે.**

**(૧) હાલ સમગ્ર દશિક્ષ ગુજરાત યુનિવર્સિટી માં હોમિયોપેથીક માં એક પણ પી.જી. ઈન્સ્ટીટયુટ નથી.**
**(૨) ભરૂચ થી વાપીના વિસ્તારમાં લગભગ ૧૦,૦૦૦/– રજીસ્ટર્ડ હોમિયોપેથી છે. તેથી તેમના ભાવિ માટે જરૂરીયાત છે.**
**(૩) C.C.H. દ્વારા એકેડેમિક કેરીયરમાં જોઈન્ટ થવા માટે બેઝીક કવોલીફીકેશન M.D. (Hom.) હોઈ P.G. (Hom.) કોલેજની જરૂરીયાત છે. (બિડાણ–૧)**
**(૪) યુનિ. સેન્ટરો / કોલેજો માંથી મહત્તમ વિદ્યાર્થીઓ પી.જી. કરવા માટે દક્ષિણ ગુજરાતની બહાર જાય છે. (હાલ ૫ યુજી કોલેજો છે)**
**(૫) 3.1.1 ના અનુસંધાને સંસ્થા ના પ્રતિનિધી દ્વારા SURAT મહાનગર સેવાસદન જોડાણ પત્ર સામેલ છે. (બિડાણ–૨)**
**(૬) પ્રતિનિધી દ્વારા થયેલી રજુઆત મુજબ જરૂરી વિભાગો તથા વર્ગખંડોની સુવિધા સંસ્થા પાસે ઉપલબ્ધ છે. (બિડાણ–૩)**

(અનુસ્નાતક)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, ઠરાવ નં. ૦૮ પ્રમાણે કાર્યવાહી કરવી.**

૧૨. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન **જીવન જયોત ટ્રસ્ટ, સુરત સંચાલિત પ્રો. વી. બી. શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર. વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) સુરતની M.Com.-(Gujarati Medium) (Financial & Management Accountancy)** અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણની અરજી સંદર્ભમાં માન.કુલપતિશ્રી નિયુકત **NEED** સમિતિની તા.૧૨–૦૩–૨૦૨૦ની સભાએ નીચે મુજબની ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત....

**<u>NEED સમિતિની તા.૧૨–૦૩–૨૦૨૦ની ભલામણ</u>**

**સિન્ડિકેટના તા.૧૯–૦૬–૨૦૧૯, ઠરાવ ક્રમાંક ૬૧ ના પેરા નં.૭ અનુસાર સદર સંસ્થા જરૂરી જમીન ધરાવતી ન હોય સમિતિ ઉપરોકત અભ્યાસક્રમ માટે ભલામણ કરતી નથી.**

(અનુસ્નાતક)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, ઠરાવ નં. ૦૮ પ્રમાણે કાર્યવાહી કરવી.**

૧૩. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન **ગ્રામ નિમાર્ણ કેળવણી મંડળ, થવા સંચાલિત શ્રી લાલબહાદુર શાસ્ત્રી એમ.એસ.ડબલ્યુ કોલેજ, થવા ની M.S.W.** અભ્યાસક્રમના નવા જોડાણની અરજી સંદર્ભમાં માન.કુલપતિશ્રી નિયુકત **NEED** સમિતિની ભલામણને સિન્ડિકેટની તા.૧૯–૦૬–૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંક (૨૮૦) અન્વયે સ્વીકારેલ હોય, જે ઠરાવ અન્વયે નિયુકત સ્થાનિક તપાસ સમિતિ (**Local Inquiry Committee**) દ્વારા તા.૦૮–૦૭–૨૦૧૯ની કોલેજ મુલાકાત બાદ નીચે મુજબનો રજુ કરેલ અહેવાલ / ભલામણ ને અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૨૫–૦૬–૨૦૨૦ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૩) અન્વયે સ્થાનિક તપાસ સમિતિની ભલામણ મુજબ નવા જોડાણની વિનંતી ગ્રાહય ન રાખવા સાથે નિયમાનુસાર ફી પરત કરવા એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણને એકેડેમિક કાઉન્સિલની તા.૩૦–૦૬–૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંક (૧૧૭) અન્વયે સ્વીકરી સિન્ડિકેટને ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત....

<u>સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ</u>

**શ્રી લાલબહાદુર શાસ્ત્રી એમ.એસ.ડબલ્યુ કોલેજ, થવાની મુલાકાત સ્થાનિક તપાસ સમિતિએ તા.૦૮–૦૭–૨૦૧૯ના રોજ લીધી હતી. અને નીચે મુજબના અવલોકનો કર્યા હતા.**

(૧) **સંસ્થા પાસે ૨૪ હેકટર કરતાં વધુ જમીન છે. જે પૈકી ૧–૨૦–૩૨ હે.આરે.ચો/મી જમીન બીન ખેતીછે. જે પાંચ એકર કરતા ઓછી છે. વધુમાં સંસ્થાએ પાંચ એકર જમીન સદર કોલેજ માટે ફાળવેલ હોય તેવો ઠરાવ કર્યો નથી.**

(૨) **સંસ્થાએ હાલ એક પ્રિન્સિપાલની રૂમ (એટેચ્ડ વોશરૂમ વિનાની) , બે કલાસરૂમ અને એક લાયબ્રેરી માટે રૂમની જોગવાઈ કરેલ છે.**

(૩) **સંસ્થાએ આચાર્ય અને અધ્યાપકોની નિમણૂંક માટે જાહેરાત આપવાની પ્રક્રિયા કરેલ છે.**

(૪) **સંસ્થાએ બિન શૈક્ષણિક કર્મચારીઓ, લાયબ્રેરીયન, પી.ટી.ટીચર ની નિમણૂંકની પ્રક્રિયા કરેલ નથી.**

(૫) **સંસ્થાએ સૂચિત કોલેજ માટે અલગથી સેનિટેશન, પિવાના પાણી, વિદ્યાર્થી / વિદ્યાર્થીની માટે કોમનરૂમ વગેરેની સગવડતા કરેલી નથી.**

**ઉપરોકત નિરિક્ષણો અને યુનિવર્સિટીની સિન્ડિકેટના તા.૦૨/૦૮/૨૦૧૮ના સભાના ઠરાવ ક્રમાંક (૫૨) મુજબ સંસ્થા પાસે પાંચ એકર બીન ખેતીની જમીન ન હોવાના કારણે સમિતિ સદર કોલેજને જોડાણ આપવા ભલામણ કરતી નથી.**

**<u>અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૨૫–૦૬–૨૦૨૦ની સભાનો ઠરાવ ક્રમાંક (૩)</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન ગ્રામ નિમાર્ણ કેળવણી મંડળ, થવા સંચાલિત શ્રી લાલબહાદુર શાસ્ત્રી એમ.એસ.ડબલ્યુ કોલેજ, થવા ની M.S.W. અભ્યાસક્રમના નવા જોડાણની અરજી સંદર્ભમાં માન.કુલપતિશ્રી નિયુકત NEED સમિતિની ભલામણને સિન્ડિકેટની તા.૧૯–૦૬–૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંક (૨૮૦) અન્વયે સ્વીકારેલ હોય, જે ઠરાવ અન્વયે નિયુકત સ્થાનિક તપાસ સમિતિ ( Local Inquiry Committee) ની ભલામણ મુજબ નવા જોડાણની વિનંતી ગ્રાહય ન રાખવા સાથે નિયમાનુસાર ફી પરત કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે.**

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૩૦–૦૬–૨૦૨૦ની સભાનો ઠરાવ ક્રમાંક (૧૧૭)</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૨૫/૦૬/૨૦૨૦ની સભાની ભલામણ ક્રમાંક : ૩ સ્વીકારી તે અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન ગ્રામ નિમાર્ણ કેળવણી મંડળ, થવા સંચાલિત શ્રી લાલબહાદુર શાસ્ત્રી એમ.એસ.ડબલ્યુ કોલેજ, થવા ની M.S.W. અભ્યાસક્રમના નવા જોડાણની અરજી સંદર્ભમાં માન.કુલપતિશ્રી નિયુકત NEED સમિતિની ભલામણને સિન્ડિકેટની તા.૧૯–૦૬–૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંક (૨૮૦) અન્વયે સ્વીકારેલ હોય, જે ઠરાવ અન્વયે નિયુકત સ્થાનિક તપાસ સમિતિ (Local Inquiry Committee ) દ્વારા તા.૦૮–૦૭–૨૦૧૯ની કોલેજ મુલાકાત બાદ નીચે મુજબનો રજુ કરેલ અહેવાલ / ભલામણ ને અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૨૫–૦૬–૨૦૨૦ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૩) અન્વયે સ્થાનિક તપાસ સમિતિની ભલામણ મુજબ નવા જોડાણની વિનંતી ગ્રાહય ન રાખવા સાથે નિયમાનુસાર ફી પરત કરવા એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણને અકેડેમિક કાઉન્સિલની તા.૩૦–૦૬–૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંક (૧૧૭) અન્વયે સ્વીકારી સિન્ડિકેટને કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરવો.**

૧૪. યુનિવર્સિટી અંગ્રેજી અનુસ્નાતક વિભાગ નવનિર્મિત ભવન ખાતે કાર્યરત થયેલ હોવાથી તાકીદે જરૂરી ફર્નિચરની ખરીદી વિભાગીય હાયરપેમેન્ટ ફંડમાંથી કરવા વિભાગને મળેલ કુલ ચાર ભાવપત્રકો પૈકી L1 પાર્ટી ગાયત્રી વુડ વર્કસને ઓર્ડર આપવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ : નોવેલ કોરોના વાઈરસ (COVID-19) ના કારણે ઉભી થયેલ પરિસ્થિતિ નિવારણ કરકસરની સૂચના અંગે નાણાં વિભાગનો તા. ૦૬/૦૬/૨૦૨૦નો ઠરાવ આ સાથે સામેલ છે.

(અંગ્રેજી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટી અંગ્રેજી અનુસ્નાતક વિભાગ નવનિર્મિત ભવન ખાતે કાર્યરત થયેલ હોવાથી તાકીદે જરૂરી ફર્નિચરની ખરીદી વિભાગીય હાયરપેમેન્ટ ફંડમાંથી કરવા વિભાગને મળેલ કુલ ચાર ભાવપત્રકો પૈકી **L1** પાર્ટી ગાયત્રી વુડ વર્કસને ઓર્ડર આપવો.

**૧૫.** શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માં યુનિવર્સિટી સંલગ્ન નીચે જણાવેલ સ્વનિર્ભર કોલેજોએ વધારાના નવા ડિવિઝનની માંગણી કરેલ હોઈ, કોરોનાની મહામારીને કારણે સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ આવેલ ન હોઈ, શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે સદર કોલેજોની વધારાના ડિવિઝન ફાળવવાની અરજી પર વિચારણા કરવા બાબત.

| ક્રમ | કોલેજનું નામ | અભ્યાસક્રમ | કુલ ફાળવેલ ડિવિઝન | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | પ્રો.વી. બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલી, સુરત. | બી.બી.એ. (સ્વનિર્ભર) | ૧ | સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ આવેલ નથી. |
| ૨ | એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજ, વેસુ, સુરત | બી.બી.એ. (સ્વનિર્ભર) | ૧ | સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ આવેલ નથી. |
| ૩ | જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી. (વીમેન્સ આફટરનુન એડિશનલ ડિવિઝન) | બી.કોમ. (સ્વનિર્ભર) | ૧ | સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ આવેલ નથી. |
| ૪ | એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજ, સુરત | બી.કોમ. (સ્વનિર્ભર) | ૨ | સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ આવેલ નથી. |
| ૫ | એસ.ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજ, સુરત | બી.સી.એ. (સ્વનિર્ભર) | ૨ | સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ આવેલ નથી. |
| ૬ | આત્માનંદ સરસ્વતી સાયન્સ કોલેજ, શ્રી આત્માનંદ સરસ્વતી વિદ્યાસંકુલ કાપોદરા, વરાછા, સુરત | બી.એસસી. (કેમેસ્ટ્રી) (સ્વનિર્ભર) | ૧ | સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ આવેલ નથી. |
| ૭. | આર.કે. દેસાઈ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, વાપી | બી.બી.એ. (સ્વનિર્ભર) | ૧ | સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ આવેલ નથી. |
| ૮. | નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલ, | બી.એડ્. (સ્વનિર્ભર) | ૧ (૫૦નું નવું યુનિટ) | સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ આવેલ છે. સદર અહેવાલ એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરેલ છે. |

(**નોંધ :** ક્રમાંકઃ (૧)થી (૭) હેઠળની કોલેજોમાં સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ આવેલ નથી તથા ક્રમાંકઃ (૮) ની કોલેજમાં સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ આવેલ છે . જે એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરેલ છે.

(અનુસ્નાતક)

:: **આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માં યુનિવર્સિટી સંલગ્ન ઉપરોકત ચાલુ જોડાણ ધરાવતી સ્વનિર્ભર કોલેજોની વધારાના નવા ડિવિઝનની અરજી ચાલુ વર્ષના કોરોના મહામારીને કારણે ઉદ્‌ભવેલ વિશેષ સંજોગોને ધ્યાનમાં લઈ ગ્રાહય રાખવી તથા ચાલુ જોડાણ માટે લેવામાં આવેલી એફીડેવીટ જેવી વધારાની એફીડેવીટ લેવી.**

૧૬. શૈક્ષણિકવર્ષ-૨૦૧૯-૨૦૨૦ના દ્વિતીય સત્રને અંતે લેવાતી (માર્ચ/એપ્રિલ/મે/ઓકટો/નવે/ડિસેમ્બર-૨૦૨૦) પરીક્ષાઓ માટે **ઓર્ડિનન્સ ૧૮૩ (૮) (ii)** અનુસાર Fair Assesment & Consultation Team (FACT) ની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત..

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** શૈક્ષણિકવર્ષ-૨૦૧૯-૨૦૨૦ના દ્વિતીય સત્રને અંતે લેવાતી (માર્ચ/એપ્રિલ/મે/ઓકટો/નવે/ડિસેમ્બર-૨૦૨૦) પરીક્ષાઓ માટે **ઓર્ડિનન્સ ૧૮૩ (૮) (ii)** અનુસાર Fair Assesment & Consultation Team (FACT) ની રચના કરવા અંગે માનનીય કુલપતિશ્રીને સતા આપવી.

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી હતી.**

૧૭. સ્ટેચ્યુટ ૨૨૮ મુજબ પદવીદાન કાર્યક્રમ યોજવાનો હોય છે પરંતુ આગામી ૫૧ મો ખાસ પદવીદાન સમારંભ તા.૨૮–૦૮–૨૦૨૦ ના રોજ યોજાનાર હોય હાલની COVID-19 ની મહામારીની પરિસ્થિતીને ઘ્યાને રાખી અત્રેના વિભાગની તા.૨૭–૦૭–૨૦૨૦ ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશ મુજબ જાહેર કાર્યક્રમ ન રાખી સંપૂર્ણ કાર્યક્રમ ઈ–કોન્વોકેશન (Online) કરવાનું નકિક કરેલ છે અને તે પ્રમાણે ઈ–પદવીદાન સમારંભ યોજાનાર છે. સદરહું બાબત જાણ સારૂ.

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** સ્ટેચ્યુટ ૨૨૮ મુજબ પદવીદાન કાર્યક્રમ યોજવાનો હોય છે પરંતુ આગામી ૫૧ મો ખાસ પદવીદાન સમારંભ તા.૨૮–૦૮–૨૦૨૦ ના રોજ યોજાનાર હોય હાલની COVID-19 ની મહામારીની પરિસ્થિતીને ઘ્યાને રાખી અત્રેના વિભાગની તા.૨૭–૦૭–૨૦૨૦ ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશ મુજબ જાહેર કાર્યક્રમ ન રાખી સંપૂર્ણ કાર્યક્રમ ઈ–કોન્વોકેશન (Online) કરવાનું નકિક કરેલ છે અને તે પ્રમાણે ઈ–પદવીદાન સમારંભ યોજાયેલ છે તેની નોંધ લેવામાં આવે છે.

૧૮. **અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

**-Sd/-**
**ઈ.ચા.કુલસચિવ**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ–૧ (૧)/૭૧૫૪/૨૦૨૦
તા.૨૯–૦૮–૨૦૨૦
પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**